તારીખ: ૩૧-૦૧-૨૦૨૦ શુક્રવાર આજકાલ



# જામનગર ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા સાયબર સિકયોરીટી સંદર્ભે સેમીનાર યોજાયો

**આજકાલ કાર્યાલય–જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) તથા ટ્રેડ માર્ક અનેકોપીરાઈટ તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબલ ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતતા આવે તેહેતુથી તા.૨૫-૧-૨૦૨૦ શનિવારના રોજ ચેમ્બર ખાતે આઈપીઆરના ફાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથાસાયબર સિકયોરીટી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં વકતા તરીકે ગૌરવભાઈ પંડયા, એડવોકેટની ટીમ દ્વારા ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે, લોગો ડીઝાઈન કરવા અંગે રિતેશભાઈ નથવાણી તથા રાજીવભાઈ વૈશ્નવ દ્વારા સાયબલ સિકયોરીટી અંગે રેન્સમવેર, મોબાઈલ સીકયોરીટી, કલાઉડ કોમ્પીટીંગના ટેકનીકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપેલ




હતું. આ સેમીનારમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ ઉપસ્થિત રહી સર્વે મહેમાનો, સર્વે સભ્યો અને વિદ્યાર્થીઓનું શાબ્દીક સ્વાગત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ તેમજ કાર્યક્રમના અંતે સંસ્થાના માનદ સહમંત્રી કૃણાલભાઈ વી.શેઠે આભારદર્શન કરેલ.